દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરતી વ્યક્તિ/સંસ્થાઓને રાજ્ય એવોર્ડ આપવા માટે રાજ્યકક્ષાની પસંદગી સમિતિની પુન:રચના કરવા બાબત.

-7 FEB 2022
10603

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૧૫/૩૮૦૯૪૪/છ-૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૦૧/૦૨/૨૦૨૨.

વંચાણે લીધા:

(૧) આ વિભાગનો તા.૧૧/૦૫/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૨૦૧૨/૨૪૫૯૦૫/છ-૧.
(૨) દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરી વ્યક્તિ/સંસ્થાઓને રાજ્ય એવોર્ડના નિયમો અંગેનો વિભાગના સરખા ક્રમાંકના તા.૨૨/૦૯/૨૦૨૧નો ઠરાવ

આમુખ :-

દિવ્યાંગોના કલ્યાણ ક્ષેત્રે સ્વૈચ્છિક રીતે શ્રેષ્ઠ પ્રવૃતિ કરતી વ્યક્તિ/સંસ્થાને રાજય પારિતોષિક આપવાની રાજ્ય સરકારની યોજના અંગેના નિયમો વંચાણે લીધેલ ક્રમ (૨) આગળના ઠરાવથી પુન: નક્કી કરવામાં આવેલ છે. જેમાં દર વર્ષે દિવ્યાંગોના કલ્યાણક્ષેત્રે શ્રેષ્ઠ પ્રવૃતિ કરતી બે વ્યક્તિઓ અને બે સંસ્થાઓને અલગ અલગ પારિતોષિક આપવાનું ઠરાવેલ છે. વંચાણે લીધેલ ક્રમ (૧) આગળના ઠરાવથી દિવ્યાંગોના કલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રવૃતિ કરતી વ્યક્તિ/સંસ્થાને રાષ્ટ્રીય પારિતોષિક તથા રાજ્ય પારિતોષિક માટેની રાજ્યકક્ષાની પસંદગી સમિતિની રચના કરવામાં આવેલ. વંચાણે લીધેલ ક્રમ (૨) આગળના ઠરાવથી દિવ્યાંગ રાજ્ય એવોર્ડના નક્કી કરેલ નિયમો મુજબ રાજ્ય એવોર્ડ માટેની રાજ્યકક્ષાની પસંદગી સમિતિની પુન: રચના કરવા અંગેની બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

દિવ્યાંગોના કલ્યાણ ક્ષેત્રે સ્વૈચ્છિક રીતે શ્રેષ્ઠ પ્રવૃતિ કરતી વ્યક્તિ/સંસ્થાને રાજય પારિતોષિક આપવાની રાજ્ય સરકારની યોજના અંતર્ગત શ્રેષ્ઠ વ્યક્તિ/ સંસ્થાને પસંદ કરવા માટે વંચાણે લીધેલ ક્રમ (૧) આગળના ઠરાવની રાજ્યકક્ષાની પસંદગી સમિતિમાં નીચે ક્રમ(૮) અને (૯)માં દર્શાવેલ બિન સરકારી સભ્યશ્રીઓનો સમાવેશ કરી નીચે મુજબની રાજ્યકક્ષાની પસંદગી સમિતિની પુન: રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | સમિતિના સભ્ય | હોદ્દો |
|---|---|---|
| ૧ | માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | માન. અધ્યક્ષશ્રી |

| | | |
|---|---|---|
| ૨ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્યશ્રી |
| ૩ | નાયબ સચિવશ્રી/સંયુક્ત સચિવશ્રી/અધિક સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્યશ્રી |
| ૪ | કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના, ગાંધીનગર. | સભ્યશ્રી |
| ૫ | કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર. | સભ્યશ્રી |
| ૬ | કમિશનરશ્રી, રોજગાર અને તાલીમ, ગાંધીનગર. | સભ્યશ્રી |
| ૭ | નિયામકશ્રી, સમાજ સુરક્ષા | સભ્ય સચિવશ્રી |
| ૮ | શ્રી લાલજીભાઇ મેપાભાઇ પ્રજાપતિ, કચ્છ. | સભ્યશ્રી (બિન સરકારી) |
| ૯ | શ્રી જયંતિભાઇ મગનભાઇ પટેલ, સાબરકાંઠા | સભ્યશ્રી (બિન સરકારી) |

ઉપરોક્ત રાજ્યકક્ષાની પસંદગી સમિતિના બિન સરકારી સભ્યશ્રીઓની મુદત ઠરાવની તારીખથી બે વર્ષની રહેશે. તેમજ બિન સરકારી સભ્યશ્રીઓને નાણાં વિભાગના સ્થાયી હુકમોની જોગવાઇ મુજબ પ્રવાસ ભથ્થું મળવાપાત્ર રહેશે.

**<u>રાજ્યકક્ષાની પસંદગી સમિતિનું કાર્ય:-</u>**

- દિવ્યાંગોના કલ્યાણ ક્ષેત્રે સ્વૈચ્છિક રીતે શ્રેષ્ઠ પ્રવૃતિ કરતી વ્યક્તિ/સંસ્થાને રાજય પારિતોષિક આપવાની રાજ્ય સરકારની યોજના અંતર્ગત વ્યક્તિગત તથા સંસ્થાગત કેટેગરી માટે નિયત સમયમાં આવેલ અરજીઓની ચકાસણી કરવાનું તથા આવેલ અરજીઓમાંથી પારિતોષિક માટે વ્યક્તિ/સંસ્થાની પસંદગી કરવાનું રહેશે.

- દર વર્ષે ૩જી ડિસેમ્બરના રોજ દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, ભારત સરકાર દ્વારા આપવામાં આવતા રાષ્ટ્રીય દિવ્યાંગ પારિતોષિક માટે રાજ્યમાંથી દિવ્યાંગો દ્વારા ભારત સરકારને મોકલવામાં આવતી અરજીઓ પૈકી, રાજ્ય સરકારની ભલામણ અર્થે મળેલ અરજીઓની ચકાસણી કરી, અરજીઓ પરત્વે ભલામણ ભારત સરકારને મોકલવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જી.પી.પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી તરફ જાણ સારુ.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, બ્લોક નં.૪, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, રોજગાર અને તાલીમ, બ્લોક નં.૧, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- શ્રી લાલજીભાઇ મેપાભાઇ પ્રજાપતિ, (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- જયંતિભાઇ મગનભાઇ પટેલ, (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સિસ્ટમ મેનેજરશ્રી, કો-સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, બ્લોક નં.૫, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર. વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૨.